# તુ તો કાળી ને કલ્યાણી રે મા... જ્યાં જોવું ત્યાં જોગમાયા...





















## સરકીટ હાઉસના રીનોવેશન માટે રીટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ધરાઇ

### ઓફલાઇન ટેન્ડરના લીધે અગાઉ વિવાદ થયો હતો નિયમ મુજબ ટેન્ડર પ્રક્રીયાના અંતે હવે વર્ક ઓર્ડર અપાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના સરકીટ હાઉસના રીનોવેશનની પ્રક્રીયા અગાઉ વિવાદમાં પડી હતી. તંત્ર દ્વારા ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાના બદલે ઓફલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. સરકીટ હાઉસના રીનોવેશનનુ કામ શરૂ કરી દેવાની ગતિવિધિઓ હાથ ધરાતા કોન્ટ્રાકટર એસોસિએશનને રોષ વ્યકત કરી આ મામલે નિયમ વિરુધ્ધની ટેન્ડર પ્રક્રીયા રદ કરી રીટેન્ડરીંગ કરવા માટે પણ રજુઆત કરી હતી. આખરે તંત્ર દ્વારા આ અન્વયે નિયમ મુજબ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર સરકીટ હાઉસના રીનોવેશનની કામગીરી માટે અગાઉ ઓફલાઈન ટેન્ડર પ્રક્રીયાનો વિવાદ ઉભો થયા બાદ હવે ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી તંત્ર દ્વારા ત્વરિત સરકીટ હાઉસની કામગીરી આગળ વધે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. સરકીટ હાઉસના રીનોવેશન માટે અગાઉ તંત્ર દ્વારા ઓફલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો હતો.

બીજીતરફ તંત્ર દ્વારા સરકારી નિયમનુ ઉલ્લંઘન કરી મનસ્વી રીતે ટેન્ડર પ્રક્રીયા આટોપી લેવામાં આવી હોવાની સાથે રીટેન્ડરીંગ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. નિયત રકમ કરતા વધુ મોટા કામ સંદર્ભે ઓન લાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. પરંતુ સરકીટ હાઉસની કામગીરી સંદર્ભે કોઈપણ પ્રકારના નિયમોનુ પાલન ન થયુ હોવાનો રોષ પ્રબળ બન્યો હતો. જયારે આ રજુઆતના અંતે માર્ગ મકાન વિભાગ દ્વારા સરકીટ હાઉસના રીનોવેશનની કામગીરીને અનુલક્ષીને પુન : ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ટુંકમાં એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે.

આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટ સહીતની ઉજવણી પણ ગાંધીનગરમાં થવાની હોવાથી મહાનુભાવોના આગમનને અનુલક્ષી સરકીટ હાઉસનુ કામ ઝડપથી પુર્ણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

## સ્વાઈન ફલુના ટેસ્ટ માટે સુવિધા છે પણ કેમ કરાતા નથી : કડક ટકોર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના ટેસ્ટ માટે તમામ સાધનો ઉપલબ્ધ હોવા છતાં કેમ ટેસ્ટ કરાતા નથી તે અંગે આશ્ચર્ય વ્યક્ત કરી એક સપ્તાહમાં આ કામગીરી કાર્યરત કરવામાં આવે તેવી કડક ટકોર સાથેની તાકીદ આરોગ્ય કમિશનરશ્રીની ટીમ દ્વારા કરવામાં આવી છે.

મળતી આધારભુત માહિતી પ્રમાણે રાજ્ય સરકારની સૂચનાઓને પગલે તમામ હોસ્પિટલોની આ ટીમે મુલાકાત લીધી છે.

**આરોગ્ય કમિશનરની ટીમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે : આઈસોલેશન વોર્ડમાં લેબરરૂમની સુવિધા ઉભા કરાવી : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સર્વેલન્સની સાથે ઝડપી નિદાનનો આગ્રહ કર્યો**

આ ટીમે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં જ લેબર રૂમની સુવિધાઓને સાંકળવા માટે પણ ટકોર કરી હતી. જિલ્લામાં સ્વાઈન ફલુમાં પ્રસુતાના મોત અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી ટીમે આ બાબતે ગંભીરતાથી કામગીરી કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. આ ટીમે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવાની સાથે સાથે સ્વાઈન ફલુના નિદાનને વધુ ઝડપી બનાવવા માટે પણ આગ્રહ કરી જણાવ્યુ હતુ કે શરદી-વાઈરસના દર્દીઓની સારવાર પણ અસરકારક થાય એટલુ જ નહિ ઝડપથી નિદાન થાય તેમ જણાવ્યું હતું. આ ટીમે સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડ માટેની તબીબોની ટીમમાં એનેસ્થેશ્યીનની હાજરી સતત રાખવા તેમજ સગર્ભા દર્દી માટે પણ ગાયનેકોલોજીસ્ટની હાજરી સતત રહે તેવો આગ્રહ કર્યો હોવાનું સિવિલના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આઈસોલેશન વોર્ડમાં લેબર રૂમ આજથી કાર્યાન્વીત પણ કરી દેવામાં આવ્યો છે.

આ ટીમે જિલ્લાને લઈ કેટલીક મહત્વની જાણકારીઓ પણ મેળવી હતી તેમજ હોસ્પિટલ અને જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી જરૂરી પગલાંઓ લેવા માટે માર્ગદર્શન પણ આપ્યુ હતુ.

## વનતંત્ર દ્વારા સુકા વૃક્ષોની કટોતી બાદ લાકડાની હરાજી કરાશે

### સેકટરોમાં બાકી રહેતા ૧૦૦ જેટલા સુકા વૃક્ષો પણ દુર કરાશે : વનતંત્ર દ્વારા અગાઉ ૩૦૦ જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી

ગાંધીનગર તા ૧૩

શહેરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જયારે સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેમ હોવાથી જોખમી પુરવાર થાય છે. અગાઉ પણ સુકાવૃક્ષો જમીનદોસ્ત થવાના લીધે રાહદારીઓ ઘવાયા હોવાના પણ કિસ્સા છે. ત્યારે હજુ પણ શહેરમાં ૧૦૦ જેટલા સુકા વૃક્ષોની કટોતી બાકી છે. આગામી દિવસોમાં વનતંત્ર દ્વારા સુકા વૃક્ષોના લાકડાની હરાજી પ્રક્રીયા પણ હાથ ધરાશે.

ગાંધીનગરમાં સેકટરોમાં હરિયાળી વનરાજી વચ્ચે સુકા અને જોખમી વૃક્ષોનુ અસ્તિત્વ પણ યથાવત છે. જયારે સુકા વૃક્ષોની કટોતી માટે તંત્ર દ્વારા અગાઉ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અંદાજિત ૩૦૦ જેટલા સુકા વૃક્ષો દુર કરાયા હતા. જયારે હજુ પણ ૧૦૦

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની ૫૦ શાળાઓમાં શિક્ષકોના સેટ-અપ સહિતની બાબતો ચકાસવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૫૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઓચીંતી તપાસ હાથ ધરાઈ હતી અને તે ટીમોએ આપેલ અહેવાલને લઈ જિલ્લા શિક્ષણ સમિતિએ પણ ચકાસણીની કામગીરી હાથ ધરી છે.

૨૯ સપ્ટે.થી ૧લી ઓકટો. દરમ્યાન હાથ ધરાયેલ આ તપાસ અભિયાન આખા રાજ્યમાં હાથ ધરવામાં આવ્યુ હતુ. ૩જી ઓકટો.ના રોજ આ અંગેનો અહેવાલ રાજ્યના પ્રા. શિક્ષણ નિયામકને સોંપવામાં આવ્યો હતો.

જે પછી આ અહેવાલ ગત સપ્તાહે જિલ્લા શિક્ષણ તંત્રને સોંપવામાં આવ્યો છે. જેમાં શિક્ષકોની હાજરી, સેટઅપ, વિદ્યાર્થીઓની સંખ્યા, હાજર વિદ્યાર્થીઓ, શિક્ષક દ્વારા તાસપોથીની જાળવણી નિયમિત રીતે થાય છે કે કેમ, હાજરીની નિયમિત શિક્ષક અને વિદ્યાર્થીઓની સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

જિલ્લા બહારની ટીમો દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ રિપોર્ટને પગલે જિલ્લા શિક્ષણતંત્રએ તો હાલ મૌન સેવી અને અમે ચકાસણી કરી રહ્યા છીએ તેવો જ પ્રત્યુત્તર આપવાનું મન બનાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ રિપોર્ટ પછી જિલ્લામાં શિક્ષકોના સેટ-અપ પર અસરો થશે.

સામાન્યતઃ ૩૧-૮-ના આધારે સેટ-અપને બહાલી આપવામાં આવતી હોય છે. સરકારે આ વખતે સપ્ટેમ્બર માસમાં આ ઓચિંતી તપાસ કરી છે અને હવે શિક્ષકોની વધ-ઘટના કેમ્પો સરકારની સૂચના મળે તે પછી જ યોજવાના રહેશે તેમ સ્પષ્ટ જણાવી દીધુ છે.

પ્રાથમિક શિક્ષણ સુધારણા અભિયાન અંતર્ગત સરકારને હવે કડક વલણ અખત્યાર કરવા માટે મન બનાવી લીધુ છે. આ ઓચીંતી તપાસ માટે કઈ શાળામાં જવાનું અને કયા તાલુકામાં જવાનુ તે અત્યંત ખાનગી રાખવામાં આવ્યુ હતુ.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com